## વડીલોને વંદન અભિનંદન

### આજે જન્મદિવસ



ગોવિંદભાઈ નટવરલાલ સુથાર
(૧૯૩૭) ફોન : ૨૩૨ ૨૫૧૯૯



પદ્માવતી કાંતિલાલ પરમાર
(૧૯૪૦) ફોન : ૨૩૨ ૨૭૮૭૨



રમીલાબેન મોહનલાલ શાહ
(૧૯૫૦) મો. ૯૮૨૫૧૮૭૬૬૨

# મિલ્કતવેરા સામે આંદોલનના શસ્ત્રો સજાવાય છે : ભારે રોષ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા નંખાયેલ આકરા મિલકત વેરાની અસર ધીરે ધીરે વસાહતીઓમાં પ્રસરવા લાગી છે. જેની ચર્ચા માટે અગત્યની ગાંધીનગરના તમામ સેકટરોના વસાહત મંડળના પ્રમુખો રસધરાવનારાઓની મીટીંગ તા. ૯મી ઓગસ્ટે ટાઉન હોલ સામેની લોનમાં યોજાનાર છે.

સેકટર-૨ના વસાહતીઓની મળેલ બેઠકમાં મહાનગરપાલિકા દ્વારા હાલ જે કરવેરા નાંખવા માટેની પ્રક્રિયા હાથ ધરેલ છે. જેમાં અસમાનતા હોવાથી વસાહતીઓ સખ્ત વિરોધ કરેલ છે. જૂનાગઢ પેટર્ન પ્રમાણે પ્રથમ પાંચ વર્ષ સુધી કોઈ કરવેરો લેવો નહીં. તે પધ્ધતિ ગાંધીનગરમાં અમલ કરવી જોઈએ. તેમ સેકટર-૨ના વસાહત મંડળના પ્રમુખ રાજેન્દ્રભાઈ આર. પારેખ રજૂઆત કરેલ છે. તેઓ ઉચ્ચકક્ષાએ રજૂઆત કરનાર છે.

મહાનગરપાલિકાની રચના ૨૦૧૧માં થઈ છે. છતાંય કરવેરા ૨૦૧૧-૧૨ના વસુલવા માટેના બીલોનું વિતરણ થઈ રહેલ છે. મહાનગર પાલિકા દ્વારા વસાહતીઓને સંપૂર્ણ સુવિધાઓ પ્રાપ્ત થયેલ નથી. મહાનગર પાલિકાની કામગીરી સરકાર પાસે છે. જે હજુ સોપાણી નથી તો કરવેરા કયા સંજોગામાં વસુલાય છે તે લોકોને સમજાતું નથી.

કરવેરાના બીલમાં ખૂબ જ અસમાનતા છે. ચોક્કસ બાંધકામની ગણત્રીનો ભાવ નક્કી થવો જરૂરી છે. આમ, મહાનગરપાલિકાના પ્રથમ કાર્યમાં જ લોકોમાં રોષ ભભુકી ઉઠ્યો છે. મહાનગરપાલિકા કોર્ટના દ્વાર ઘસેડી લાવનારાઓ સામે તીવ્ર રોષ વ્યકત થઈ રહ્યો છે. આવનાર દિવસોમાં મિલકત વેરોએ મહાજંગના એંધાણ ગાંધીનગરવાસીઓ માટે જણાય છે.

# ગુજરાતની પ્રજાની હાડમારીઓ દૂર કરવા વિશ્વાસ પાત્ર નેતૃત્વ આપીશું : ઝડફીયા

ગાંધીનગર, તા.૬

ગુજરાતની પ્રજાને પડી રહેલી હાડમારીઓમાંથી મુકત કરાવવા અમે નવો પક્ષ રચીને પ્રજાને એક ભરોસા પાત્ર વિશ્વાસનીય નેતૃત્વ આપવા માંગીએ છીએ એમ મહાગુજરાત જનતા પાર્ટીના અધ્યક્ષ ગોરધન ઝડફીયાએ જણાવ્યું હતું.

ભાજપામાંથી રાજીનામું આપીને આજે કેશુભાઈ પટેલ તેમના નવા પક્ષની સ્થાપના કરી તે પૂર્વે ઉપસ્થિત જનમેદનીને સંબોધતા મજપાના અધ્યક્ષ અને કેશુભાઈના ચુસ્ત સમર્થક ગોરધનભાઈ ઝડફીયાએ ગુજરાતના વર્તમાન શાસક ઉપર આકરા પ્રહારો કરતાં જણાવ્યું હતું કે વર્તમાન શાસનના ભ્રષ્ટાચારોથી ગુજરાતની પ્રજા ગળે આવી ગઈ છે. વર્તમાન સરકાર સંવેદના ગૂમાવી ચૂકી છે.

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીનું નામ લીધા વગર આડકતરો પ્રહાર કરતાં જણાવ્યું હતું કે કેશુભાઈના શાસનમાં દિકરીઓ માટે કુંવરબાઈનું મામેરું યોજના દાખલ કરવામાં આવી હતી પરંતુ વર્તમાન સરકારના શાસકો મામેરું લૂટી ગયા છે. કલ્યાણકારી યોજનાઓ લૂંટી ગયા છે અને રાજયની તિજોરીને લૂંટી લીધી છે એટલું જ નહી રાજયને માથે એક લાખ કરોડનું દેવું કરી નાંખ્યું છે.

અહીં લોકો ગુજરાતને સાચા અર્થમાં બદલવાની ભાવના લઈને આવ્યા છે એમ કહીને તેમણે જણાવ્યું હતું કે હવે ગુજરાતમાં પરિવર્તન કરવાનો સમય આવી ગયો છે. નવા પક્ષની રચના કરવામાં આવ્યા બાદ આ પક્ષના પ્રચાર અને પ્રસાર કરીને તેનો વ્યાપ ગામડાઓ સુધી પહોંચાડવા કાર્યકરોને તેમણે અપીલ કરી હતી. નવા પક્ષના સંગઠનને મજબૂત બનાવવા અને કેશુભાઈ પટેલનું માથું નીચે નહીં ઝૂકવા દેવા કાર્યકરોને તેમણે અપીલ કરી હતી.

ગુજરાતમાં વરસાદ ખેંચાતા દુષ્કાળની પરિસ્થિતિ સર્જાઈ છે છતાં પણ રાજય સરકાર દ્વારા હજુ સુધી અછતની અસરવાળા વિસ્તારોમાં રાહત કામો શરૂ કરવામાં આવ્યા નથી. ઘાસચારા માટેની વ્યવસ્થા કરવામાં આવી નથી એમ જણાવીને તેમણે એવો પણ આક્ષેપ કર્યો હતો કે પાક નિષ્ફળ જવાને કારણે ખેડૂતે આત્મહત્યા કરી હોવાના કિસ્સા પણ બહાર આવવા પામ્યા છે.




## લાયોનેસ કલબ ઓફ ગાંધીનગરે વૃદ્ધાશ્રમના વડીલોને ધાર્મિક પ્રવાસ કરાવ્યો

લાયોનેસ કલબ ગાંધીનગર દ્વારા મગોડી ગામના વૃદ્ધાશ્રમના વૃદ્ધોને મહુડીના જૈન દેરાસરના દર્શન કરાવતો ધાર્મિક પ્રવાસ તાજેતરમાં યોજવામાં આવ્યો હતો. લાયોનેસ વૈશાલી જોષી, પ્રજ્ઞાબેન ઠકકર, રીટાબેન પટેલ અને રીટાબેન શાહે સમગ્ર ધાર્મિક પ્રવાસનું આયોજન કર્યું હતું. શ્રાવણ માસના પવિત્ર દિવસોમાં વૃદ્ધો ઈશ્વર તરફ સૌથી વધુ આસકત હોય છે. ત્યારે જીવનના કિનારે પહોંચેલા આ વડીલોને મહુડીના જૈન દેરાસરમાં દર્શન કરાવવાનું ભગીરથ કાર્ય લાયોનેસ કલબ ગાંધીનગર દ્વારા કરવામાં આવ્યું હતું.

# ગર્ભપાતની દવાઓનું બિનઅધિકૃત રીતે વેચાણ કરતી ચિલોડાની લેબ પર દરોડો

ગાંધીનગર, તા.૬

ગર્ભપાત માટે વપરાતી દવાઓનું બિન અધિકૃત રીતે વેચાણ કરતી મોટા ચિલોડા સ્થિત શ્રી ઉમા પેથોલોજી લેબોરેટરી પર ખૌરાક અને ઔષધ નિયમન તંત્ર એ દરોડો પાડયો હતો અને આ સંદર્ભે પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

ખૌરાક અને ઔષધ નિયમન તંત્ર, ગાંધીનગરની મુખ્ય કચેરીને માહિતી મળી હતી કે, શ્રી ઉમા પેથોલોજી લેબોરેટરી, મોટા ચિલોડા, ગર્ભપાત માટે વપરાતી મેફીપ્રિસ્ટોન અને મીઝોપ્રિસ્ટોલ નામની દવા બિનઅધિકૃત રીતે દર્દીઓને રૂ. ૫૦૦ થી રૂ. ૭૦૦ વસુલીને વેચાણ કરે છે. આ અનુસંધાને ઉપરોકત પેઢીને ત્યાં રૂબરૂ તપાસ કરતાં ગર્ભપાત અન્વયેની દવાઓ મળી આવતા કાયદેસરની કાર્યવાહી કરવા અર્થે જપ્ત કરી હતી અને આવી દવાઓ કયાંથી મેળવી, કેટલા જથ્થામાં મેળવી અને કોને કોને વેચાણ કરી તેની માહિતી ઉપરોકત પેઢીના માલિક શ્રી સંજયકુમાર દશરથભાઈ પટેલે જાહેર ન કરતા ચિલોડા પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ દાખલ કરી હતી.


# સંતશ્રી ત્રિકમસાહેબ અવતરણ અને મહાનિર્વાણની ઉજવણી રાપરના ચિત્રોડ ખાતે થશે

ગાંધીનગર, તા. ૬

સંતશ્રી ત્રિકમસાહેબ અવતરણ અને મહાનિર્વાણની ઉજવણી તથા શ્રીકૃષ્ણ જન્મોત્સવ મહાપર્વની ઉજવણી સંતશ્રી ત્રિકમસાહેબની જગ્યા પુ. ચિત્તોડ તા. રાપર જિ. કચ્છ ખાતે તા. ૧૦-૮-૨૦૧૨ શુક્રવાર-શ્રાવણ વદ આઠમે યોજાશે.

મહંતશ્રી રામાયણી સાહેબની યાદીમાં જણાવ્યાનુસાર સંત શ્રી ત્રિકમ સાહેબ અને અન્ય સંતોની પૂજા-અર્ચના તથા સંતવાણીનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. ભજનિકો મુકેશભાઈ, રમેશભાઈ અને અન્ય નિજાનંદ સંતવાણીનું રસપાન કરાવશે. છપ્પનભોગના દાતા શ્રીમતિ ભાનુબેન એ. પંડ્યા, મહાપ્રસાદના દાતા શ્રી રમેશભાઈ શ્રીમાળી અને સત્સંગ મંડળ તથા પારણાના દાતા શ્રી દેવેનભાઈ પંડ્યા છે. રાષ્ટ્રની વિવિધ જગ્યાઓના સંતો-મહંતો, રાપર દરિયાસ્થાન પીઠના સંતો, ગંગાઘાટ વિરડા-કાગનોરા તપોભૂમિ વિકાસના ટ્રસ્ટીઓ તથા ચિતોડના નગરજનો પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે. 'તારો ભરોસો મુને ભારી એવો ગરવો દાતાર ગિરનાર'ના રચયિતા સંતશ્રી ત્રિકમસાહેબની જગ્યામાં ઉજવાતા ઉત્સવમાં ભાગ લેવા ગંગાઘાટ વીરડા અને કાગનોરા તપોભૂમિ વિકાસના ટ્રસ્ટીઓએ નિમંત્રણ પાઠવ્યું છે.

## શબ્દાવલી - ૪૮૧૦



**આડી ચાવી**

૧. મુડી, ધન (૩)
૪. નોકર, પટાવાળો (૪)
૭. દરિયા-નદીના કિનારે વહાણની આવજા થઈ શકે તેવું સ્થાન (૩)
૮. ચાલતી વાતમાં પુરાતો હાજીયો (૩)
૯. ભય, થડકારો (૩)
૧૧. જન્મ, જન્મારો (૩)
૧૪. નવુ (૩)
૧૫. અનાજ, ખાવા માટેનું અન્ન (૩)
૧૭. આઠમુ નક્ષત્ર, પોષ માસ (૨)
૧૮. ચમક..., ચળકાટ (૩)
૧૯. સુપ, ટામેટાનો... (૨)
૨૧. બોગસ, બેકાર (૪)
૨૩. માંકડુ, વાંદરૂ (૩)
૨૪. મારી નાખનારો, જલ્લાદ (૨)

**ઊભી ચાવી**

૧. સામાજિક સગા થતા હોય તે (૩)
૨. કવિતાની મૂળ કડી, ભજન (૨)
૩. તિર્થ - યાત્રા (૩)
૪. ભાસકો, સારું સારું ખાવાની ઈચ્છા (૩)
૫. 'ચુપ' એવું કહેવા નાના બાળકો... કહે (૨)
૬. નક્ષત્રની ઝૂમખામાંથી દરેક પરથી ભાવિ જોવાય તે (૫)
૧૦. વગડો, જંગલ (૨)
૧૩. વિશ્રામ (૩)
૧૪. નાન્યતર જાતિનું (૪)
૧૫. ખોદવાનું કાર્ય (૪)
૧૬. કજિયો, કલેશ (૪)
૧૯. સંગત, ... તેવી અસર (૩)
૨૦. આરપાર (૩)
૨૨. સુંદર સ્ત્રી, લક્ષ્મી (૨)

**શબ્દાવલી ૪૮૦૯ના જવાબ**

**આડી ચાવી :-** (૧) કુઠારાઘાત (૬) પોરા (૮) દલાતરવાડી (૯) રાણય (૧૦) આણ (૧૧) ઈદી (૧૪) આસવ (૧૫) સાગરખેડુ (૧૬) પાડો (૧૭) સઈ (૧૮) પતરાળી (૧૯) મસકો

**ઊભી ચાવી :-** (૧) કુદરતી (૨) ઠાલા (૩) રાતરાણી (૪) ધારણ (૫) તવાયફ (૭) રામણદીવડો (૧૦) આઈસપાઈસ (૧૨) સાગરીત (૧૩) રખેવાળી (૧૭) સમ

## હિંમતનગર ખાતે બ્રહ્મ સંમેલન યોજાયું

હિંમતનગર, તા. ૬

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ખાતે બ્રહ્મસેના દ્વારા જિલ્લા કક્ષાનું વિરાટ સંમેલન સહકાર હોલમાં યોજાયું હતું. આ પ્રસંગે પ્રત્યેક તાલુકાના બ્રાહ્મણો ભેગા થયા હોય તેવો આ પ્રથમ પ્રસંગ હતો. સંમેલનનો મુખ્ય ઉદ્દેશ બ્રાહ્મણ વિદ્યાર્થીઓ માટે જિલ્લાકક્ષાએ વિદ્યાર્થીભુવન બનાવવું, આઈ.એ.એસ. આઈ.પી.એસ. તેમજ સ્પર્ધાત્મક પરીક્ષાના વર્ગો ચલાવવા અને મહિલાઓની આર્થિક સમસ્યા હલ કરવા મહિલા ગૃહ ઉદ્યોગ સ્થાપવો જેવી મહત્વની બાબતો પર ધ્યાન આપવામાં આવ્યુ હતુ. સાબરકાંઠા ખાતે ૧૧મી બ્રહ્મચોર્યાસીમાં ૧,૧૧,૧૧૧ બ્રાહ્મણો ઉમટી પડી બ્રહ્મશક્તિનું વિરાટ પ્રદર્શન સૌના સહયોગથી પાર પાડવા અપીલ કરી હતી.

હિંમતનગર ખાતે યોજાયેલ બ્રહ્મ સંમેલનમાં મહામંડલેશ્વર કેશવદાસજી મહંતે બ્રાહ્મણો સંધ્યા પાઠ કરી પોતે બ્રાહ્મણ છે તેનું ગૌરવ લેવુ જોઈએ. ડૉ. આચાર્ય ગૌરાંગ શરણ સ્વામીએ જણાવ્યું કે બ્રાહ્મણો એક થઈ જાય તો જરૂરથી નવુ સર્જન કરી શકે. જ્યાં બ્રાહ્મણોનું હિત છે. તેની સાથે બ્રાહ્મણોએ રહેવું જોઈએ. બ્રહ્મ સમાજ અનેક વાડાઓમાં વહેંચાયેલો હોઈ બધા વાડાઓ દૂર કરી ફક્ત બ્રાહ્મણના નાતે ઓળખ આપી સંગઠીત થવું જોઈએ. સમાજના આગેવાનોએ પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા.

આ સંમેલનમાં યેવલા બીડીના માલીક મહેશભાઈ ઉપાધ્યાય, રાજ્યના બ્રહ્મસેનાના અધ્યક્ષ ભાવેશ રાજગુરૂ, સીટી ટાઈલ્સના દક્ષેશ રાવલ, જીલ્લાચીફ કમિશનર અતુલભાઈ દિક્ષીત તેમજ બ્રહ્મ સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા અને સંમેલનને સફળ બનાવ્યું હતું.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

# ડીસા આર.ટી.ઓ ચાર રસ્તા નજીક કાર અને જીપ ડાલા વચ્ચે અકસ્માતમાં બે ધાયલ

ડીસા, તા. ૬

અકસ્માતોની વણથંભી વણજાર વચ્ચે ડીસા આર.ટી.ઓ ચાર રસ્તા નજીક જીપ ડાલુ અને કાર વચ્ચે અકસ્માત થતા કારમાં બેઠેલી બે વ્યકિતને ગંભીર ઈજા થતા તાત્કાલીક સારવાર અર્થે ડીસાની ભણસાળી હોસ્પીટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

જેની વિગતો જોઈએ તો કાંકરેજ તાલુકાના થરા તરફથી આવી રહેલી કાર નંબર - જી.જે.૮.આર.૧૨૧૦ આવી રહી હતી. ત્યારે ડીસા ગાયત્રી મંદીર તરફથી રાંગ સાઈડે આવી રહેલી જીપ ડાલા નંબર - આર.જે.૦૪ .જી.એ.૭૧૮૨ ના ચાલકે ગફલત ભર્યું ડ્રાઈવીંગ કરી આર.ટી.ઓ ચાર રસ્તાથી પાણીના ટાંકા વચ્ચે સામેથી આવી રહેલી કારને ધડાકાભેર ટકકર મારતા કારમાં બેઠેલા સંજયભાઈ ભુપેન્દ્રભાઈ સોની તેમજ બાજુમાં બેઠેલી બીનલ હર્ષદભાઈ પરમાર ઉમર વર્ષ-૧૮ ને ગંભીર ઈજાઓ થતા તાત્કાલીક પ્રાઈવેટ વાહનમાં ડીસાની ભણસાળી હોસ્પીટલ ખાતે ખસેડવામાં આવ્યાં હતો. જયાં પ્રાથમીક સારવાર આપ્યા બાદ તેઓની હાલત વધુ લથડતા તાતલીક મહેસાણા ખાતે ખસેડવાની ફરજ પડી હતી. જો કે આ અકસ્માત સર્જાત ધટના સ્થળે લોકોના ટોળેટોળા ઉમટી પડયા હતા. અને વાહન વ્યવહાર કલાકો સુધી ઠપ થઈ ગયો હતો. આ અંગેની જાણ તાલુકા પોલીસને થતા પોલીસ ધટના સ્થળે આવી ટ્રાફીક નુ હળવુ કરી વાહન વ્યવહાર ખુલ્લો કર્યો હતો.

## જનસંપર્ક યાત્રા

● અનુસંધાન પહેલાનું ચાલુ

મોદીના સુશાસનના પરિણામે એક નવી જ આશા જન્મી છે તે ગુજરાત અને દેશના ગુજરાત વિકાસ વિરોધીઓ સમજી શકતા નથી. ગુજરાતની પ્રજાને આગામી દિવસોમાં તેઓએ આ બાબતનો જવાબ આપવો પડશે. આજના કાર્યકર્તા સંમેલનને ભાજપાના રાષ્ટ્રીય સહ સંગઠન મહામંત્રી શ્રી વી. સતીષજી, રાષ્ટ્રીય સંગઠન મહામંત્રી શ્રી રામલાલજી, ગુજરાતના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ માર્ગદર્શન કર્યુ હતું.

## સ્ટેટ હોકી સ્પર્ધા માટે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સિલેક્શન ટ્રાયલ યોજવામાં આવશે. છેલ્લાં ૧૨ મહિનાથી ગાંધીનગર જિલ્લાના નિવાસી અને તા. ૧ જાન્યુઆરી, ૧૯૯૩ કે તે પહેલાં જન્મેલા ખેલાડીઓ આ સિલેક્શન ટ્રાયલમાં ભાગ લઈ શકે છે. સિલેક્શન ટ્રાયલ માટે વ્યક્તિગત ખેલાડીની ફી ૧૦૦ રૂા. અને ટીમની ફી ૧ હજાર રૂપિયા નિયત કરવામાં આવી છે. સિલેક્શન ટ્રાયલમાં રસ ધરાવતા ખેલાડીઓને ઈલા શર્મા (૯૭૧૨૧ ૪૭૧૭૬)નો ૮મીએ બપોરે ૨.૩૦ વાગ્યા સુધી સંપર્ક કરવા જણાવાયું છે.

## સમાચાર ઝલક

- ઉત્તર ભારતમાં ભારે વરસાદથી ૩૦થી વધુના મોત, જનજીવન અસ્તવ્યસ્ત.
- બુધવારથી લોકસભાનું ચોમાસું સત્ર તોફાની બની રહેવાના એંધાણ.
- આજે હિરોશીમા પર પરમાણુ બોમ્બ ઝીંકવાની ૬૭મી વર્ષગાંઠ પ્રસંગે મોટી સંખ્યામાં લોકોએ શ્રધ્ધાંજલિ અર્પી.
- ચીનની સરખામણીમાં ભારતીય નૌસેના ખૂબ મજબૂત છે.
- વિધાનસભા મત વિસ્તારદીઠ ચૂંટણીપંચ અસામાજિક તત્ત્વોની યાદી તૈયાર કરાવશો.
- ઉત્તર કોરિયામાં પૂરથી ભારે તબાવી, ૧૬૯નાં મોત, ૪૦૦ ગાયબ, ૧૪૦૦ શાળા કોલેજને નુકશાન.
- સૂરતમાં ટેનિસ કલબ દ્વારા આયોજિત રાષ્ટ્રીય આમંત્રિત બ્રીજ સ્પર્ધાની શરૂઆત.
- દ્વારિકામાં જન્માષ્ટમીની તડામાર તૈયારી શરૂ જગતમંદિરને શણગારાયું.
- મોરબીમાં આજે તમામ કોલેજો બંધનું એલાન, આચાર્યના સસ્પેન્સનો વિવાદ.
- કૈટરીનાને એક એડમાં કામ કરવા રેકોર્ડ ૭ કરોડ મળશે.
- રૂા. પાંચ લાખ કે તેથી વધુ રકમના ચેક કલીયર કરતા પૂર્વે માહિતી લેવાશે.
- ધોરણ-૧૨ની પૂરક પરીક્ષાનું પરિણામ તારીખ ૭મી ઓગષ્ટે જાહેર થશે. વેબસાઇટ પર મુકાશે નહીં.
- પાકિસ્તાનની બે બેંકો ભારતમાં શાખા ખોલશે.
- ચોમાસુ સંસદ સત્ર સુધી ડિઝલ ગેસના ભાવ નહિ વધે.
- રાજયના સ્પોર્ટસ યુનિવર્સિટીના કુલપતિપદે શ્રી જતીન સોજાની નિમણૂંક.
- અમેરિકી રાષ્ટ્રપતિ ચૂંટણીમાં અધધ ૩૦૦ અબજ રૂપિયાનો ખર્ચ.
- ગુજરાતમાં ૨૨,૦૦૦ કરોડથી વધુનું પાક નુકશાન.

# ગાંધીનગર જિલ્લા ખેડૂત-પશુપાલન હિત રક્ષક સમિતિ દ્વારા સન્માનપત્ર વિતરણ સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૬

ગિયોડ અંબાજી ખાતે ગાંધીનગર જિલ્લાના ડેરી ઉદ્યોગ સાથે સંકળાયેલા જુદા જુદા ગામના ૧૦૦૦ ગ્રામજનો તથા ૪૫ જુદી જુદી મંડળીઓના ચેરમેનો તથા અન્ય ૨૫ ગામના કારોબારી સભ્યોનો સન્માન પત્ર વિતરણ સમારોહ યોજાયો હતો.

ગાંધીનગર જિલ્લા ખેડૂત-પશુપાલન હિત રક્ષક સમિતિના પ્રમુખ કાળુસિંહ ડાભીએ મધુર ડેરીની ચૂંટણીમાં કોઈ પણ જાતના ભ્રષ્ટાચારને સમર્થન આપ્યા વિના પ્રામાણિક રહેલા ૪૫ જેટલા જુદી જુદી મંડળીના ચેરમેનોને પ્રામાણિકતા બદલ સન્માનપત્ર એનાયત કર્યા હતા. બેઠકમાં એડવોકેટ પ્રવીણ પટેલ દ્વારા મધુર ડેરીના ભ્રષ્ટાચાર સામે ગાંધીનગર જિલ્લાની પ્રજા દ્વારા જુદા જુદા તબક્કે આંદોલન કરવાની રૂપરેખા નક્કી કરવામાં આવી હતી. ૧૬મી ઓગષ્ટ ૨૦૧૨ના રોજ મધુર ડેરી ગાંધીનગરના પશુપાલકોની રેલી યોજી ભ્રષ્ટાચાર સામે આંદોલનની શરૂઆત કરવામાં આવશે તથા જરૂર પડે ગાંધીનગરમાં સૂચિત સંઘની રચના કરી મધુર ડેરીમાં જતો દૂધનો પુરવઠો અટકાવવામાં આવશે અને ડેરીમાં થતી તમામ ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે આંદોલન કરવા બેઠકમાં સૌએ શ્રી ગણેશ કર્યા હતાં.

# દલિત સેના દ્વારા ગાંધીનગરમાં રામવિલાસ પાસવાનનું ભવ્ય સ્વાગત

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર દલિત સેના દ્વારા લોકજન શકિત પાર્ટીના રામવિલાસ પાસવાનના અધ્યક્ષ સ્થાને સત્તા પરિવર્તન સંમેલન સેકટર-૧૭ ટાઉનહોલ ખાતે યોજાયું હતું.

ગાંધીનગર ટાઉનહોલ ખાતે સત્તા પરિવર્તન સંમેલનની શરૂઆત દીપ પ્રાગટય અને ડૉ. બાબાસાહેબ આંબેડકરને ફૂલહાર પહેરાવીને કરવામાં આવી હતી. સંમેલનમાં પૂર્વ કેન્દ્રીય મંત્રી રામવિલાસ પાસવાનનું સ્વાગત દલિત સેનાના જિલ્લા પ્રમુખ બાબુભાઈ મેસરવાલાએ ફેંટો બાંધી કર્યું હતું. ઉપવાસ ઉપર બેઠેલા હલ્થવર્કરોની સભામાં મંત્રી રામવલાસ પાસવાને ખાસ હાજરી આપી હતી અને તેમને ન્યાય મળે તે માટે રાષ્ટ્રપતિને રજૂઆત કરવા હૈયાધારણા આપી હતી. ગુજરાત પ્રદેશ પ્રમુખ મુકેશ ગુર્જર અને દલિત સેના ગુજરાત પ્રદેશના પ્રમુખ ડાહ્યાભાઈ પરમારે દલિતોના પ્રશ્નો, મોંઘવારી, કર્મચારીઓના પ્રશ્નો અંગે સંબોધન કરી સત્તા પરિવર્તન લાવવા રામવિલાસ પાસવાનને આવેદન પત્ર પણ આપ્યું હતું. સમગ્ર સંમેલનનું સફળ સંચાલન જિલ્લા પ્રમુખ બાબુભાઈ મેસરવાલાએ કર્યું હતું. આ પ્રસંગે મહામંત્રી દિનકરભાઈ પરમાર, ગુલાબચંદ પટેલ, મોહન બાલુવાક, દાનાભાઈ મિસ્ત્રી, રજનીકાંત કડિયા, પુષ્પાબેન ડોડિયા, કરસનભાઈ સોલંકી, વિપુલ ડોડિયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને મહાસંમેલનમાં ઉપસ્થિત રામવિલાસ પાસવાનને પુષ્પગુચ્છ આપી સન્માનિત કર્યા હતાં.

# રોહિત સમાજ એકતા સંમેલન અને સન્માન સમારોહ યોજાશે

ગાંધીનગર, તા. ૬

ગુજરાત રોહીત સમાજ દ્વારા ગાંધીનગર ખાતે રોહિત સમાજ એકતા સંમેલન અને સન્માન સમારોહનો કાર્યક્રમ ૨૫ ઓગષ્ટ-૨૦૧૨ના રોજ સેકટર-૧૭ ટાઉનહોલ ખાતે યોજાશે. સન્માન સમારોહ કાર્યક્રમમાં ગાંધીનગર જિલ્લા/શહેરમાંથી વર્ષ-૨૦૧૧-૧૨ માં વર્ગ-૧ થી ૪મા નિમણુંક પામેલા અને ૭૫ વર્ષથી ઉપરના વડિલ સ્ત્રી/પુરૂષ અને રોહિતસમાજના પરગણાં, મંડળો, ટ્રસ્ટના પ્રમુખ/ચેરમેનનું સન્માન કરવામાં આવશે. સન્માન યોગ્ય વ્યક્તિઓએ પોતાની વિગતો એલ.એન. પરમાર પ્લોટ નં. ૪૭૩/૨, સેકટર-૭-બી, બાબુભાઈ મેશરવાલા પ્લોટ નં. ૪૯૨ આદર્શનગર સેકટર-૨૪ ખાતે ૧૫ ઓગષ્ટ સુધીમાં પહોંચાડવા જિલ્લાના પ્રભારીએ અખબારી યાદીમાં જણાવ્યું છે.